# ખાંડની કિંમતને અંકુશમુક્ત કરાશે

નવી દિલ્હી,તા. ૧૭

રૂપિયા ૮૦૦૦૦ કરોડના ખાંડ સેક્ટરને આંશિક રીતે અંકુશમુક્ત કરવાની હિલચાલ હાથ ધરવામાં આવી ચુકી છે. આ મામલે ચર્ચા કરવા આવતીકાલે કેન્દ્રિય કેબિનેટની બેઠક યોજાનાર છે. જેમાં ખાંડને અંકુશમુક્ત કરવાના પ્રશ્ને ચર્ચા કરાશે . ખાંડ વ્યવસ્થાને વધુ વ્યવસ્થિતી કરવાની હિલચાલ પહેલાથી જ ચાલી રહી છે. સરકાર લેવી ખાંડ વ્યવસ્થાને નાબુદ કરવાની દિશામાં આગળ વધી રહી છે. લેવી ખાંડ વ્યવસ્થા હેઠળ ખાનગી મિલરોને છુટછાટના રેટ પર સરકારને ખાંડ વેચવાની જરૂર પડે છે. સરકારને ચોક્કસ ખાંડ જથ્થો આ વ્યવસ્થા હેઠળ આપવો પડે છે. જો કે જો આ હિલચાલની દિશામાં આગળ વધાશે તો વધી ગયેલા સબસિડી બોજને હળવો કરવા માટે ખાંડ પર વધારાની એક્સાઈઝ ડ્યુટી લાદવામાં આવશે. કેબિનેટ રેગ્યુલેટરીલીઝ ઓર્ડર મેકેનિઝમને નાબુદ કરવાની દરખાસ્ત પર પર વિચારણા કરશે. સાથે સાથે મિલોને ઓપન માર્કેટમાં ખાંડનો જથ્થો વેચવા વધુ સ્વતંત્રતા આપવામાં આવશે. હાલમાં સરકાર જ દર મહિને અતવા તો નિયમિત ગાળામાં ખાંડના જથ્થાના વેચાણ મામલે નિર્ણય કરે છે. મળેલી માહિતી મુજબ કેબિનેટની બેઠકમાં ફુડ સિક્યુરિટીના મુદ્દે પણ ચર્ચા કરવામાં આવશે. ફુડ અંગે સંસદની સ્થાયી સમિતી દ્વારા કરવામાં આવેલા સુચન પર ચર્ચા કરાશે. ખાદ્યાન્ન મંત્રાલય દ્વારા લેવી સુગર મેકેનીઝમની વાત કરી હતી.



જે હેઠળ મિલોને સસ્તા રેટમાં સરકારને તેમના વાર્ષિક પેદાશ પૈકી ૧૦ ટકા હિસ્સાને વેચવાની ફરજ પડે છે. નાણા મંત્રાલય અને ખાદ્યાન્ન મંત્રાલય વચ્ચે કેટલાક મુદ્દે મતભેદો છે. જે પૈકી વ્યવસ્થાને નાબુદ કરવાના મામલે વિચારધારા જુદી છે. નાણાં મંત્રાલય માને છે કે જો સિસ્ટમ નાબુદ કરાશે તો સબસિડી બોજમાં વધારો થઈ જશે. સરકાર રેશનિંગ દુકાનો મારફતે સસ્તી ખાંડ આપવા અંગે સમગ્ર બોજ ઉપાડે છે. હાલમાં આ બોજ કેન્દ્ર અને મિલો દ્વારા ઉપાડવામાં આવે છે. ખાદ્યાન્ન મંત્રાલય દ્વારા સુચન કરવામાં આવ્યું છે કે વધતા સબસિડી બોજને ઘટાડવા ખાંડ પર એક્સાઈઝ ડ્યુટીને વધારી શકાય છે.

## પીએસયુ બેંકોના વડાઓ સાથે નાણામંત્રીની આજે બેઠક થશે

નવી દિલ્હી,તા. ૧૭

નાણાં મંત્રી પી ચિદમ્બરમ આવતીકાલે જાહેર ક્ષેત્રની બેંકોના વડાઓ સાથે વાતચીત કરનાર છે જેમાં મૂડીરોકાણ અને વિકાસના પાસા પર ચર્ચા થશે. મૂડીરોકાણમાં હાલમાં ગતિ ધીમી પડતા આ પાસા પર પણ ચર્ચા થશે. ક્રેડિટ ગ્રોથ, ડાયરેક્ટ બેનિફિટ ટ્રાન્સફર, સંપત્તિ ક્વાલિટીમાં લથડી રહેલી સ્થિતિ ઉપર ચર્ચા વિચારણા કરવામાં આવશે. વિકાસને પ્રોત્સાહન આપવા પ્રોડક્ટીવ સેક્ટરોને વધુ લોન આપવા બેંકોને નાણાં મંત્રી અપીલ કરે તેવી શક્યતા છે. કૃષિ, માઈનિંગ અને મેન્યુફેક્ચરીંગ સેક્ટરના નિરાશાજનક દેખાવના પરિણામસ્વરૂપે ઓક્ટોબર અને ડિસેમ્બરના ગાળામાં આર્થિક વિકાસ ઘટીને ૪.૫ ટકા થઈ ગયો છે. મૂડીરોકાણને પ્રોત્સાહન આપવા સરકાર દ્વારા શ્રેણીબદ્ધ પગલા લેવામાં આવ્યા હોવા છતાં ૧૦૯ ખાનગી સેક્ટરના પ્રોજેક્ટોને જુદા



જુદા મંત્રાલયો તરફથી હજુ સુધી મંજુરી મળી શકી નથી. આ પ્રોજેક્ટો ૧૦૦૦ કરોડથી પણ વધુના છે. હાઈપ્રોફાઈલ મિટિંગ એવા સમય પર યોજાઈ રહી છે જયારે આરબીઆઈની નાણાંકીય નીતિની સમીક્ષા ૧૯મી માર્ચના દિવસે જારી કરવામાં આવનાર છે. આ મિટિંગમાં બેંકિંગ વ્યવસ્થાની સમીક્ષા કરવામાં આવશે. સાથે સાથે તાજેતરમાં જ કોબરા પોસ્ટના ધડાકા બાદ બેંકોમાં મની લોન્ડરીંગની પ્રવૃત્તિને રોકવા પર પણ ચર્ચા થશે. આવી પ્રવૃત્તિમાં ત્રણ ખાનગી સેક્ટરની બેંકોના ઘણા અધિકારીઓની સંડોવણી બહાર આવી ચુકી છે. મિટિંગમાં એસેટ ક્વોલિટીનો મુદ્દો પણ ચમકે તેવી શક્યતા છે. માઈક્રો, નાના અને મધ્યમ ઉદ્યોગ સાહસિકોને પણ મૂડીપ્રવાહ વધારવાના પાસા પર પણ ચર્ચા થશે. ૨૯મી જાન્યુઆરીના દિવસે છેલ્લી પોલીસી સમીક્ષામાં આરબીઆઈએ ચાવીરૂપ ટૂંકા ગાળાના ધિરાણદરમાં ૦.૨૫ ટકાનો અને સીઆરઆરમાં ૦.૨૫ ટકાનો ઘટાડો કર્યો હતો.

## બિહારને ખાસ દરજ્જો આપવા નીતિશકુમારે કરેલી ઉગ્ર માંગ

નવી દિલ્હી,તા. ૧૭

દિલ્હીમાં રામલીલા મેદાન પર ઐતિહાસિક અને જંગી રેલીને સંબોધતા બિહારની મુખ્યમંત્રી નીતિશ કુમારે રાજ્ય માટે ખાસ દરજજા માટેની તેમની માંગણીનો પુનરોચ્ચાર કર્યો હતો. દેશના વિકાસમાં બિહારનો લોકોના યોગદાન અને સ્વતંત્રતા સંઘર્ષમાં તેમની ભાગીદારીની પ્રશંસા કરતા નીતિશે કહ્યુ હતુ કે અમે ખાસ દરજજા માટે કોઈ ભીખ માંગી રહ્યા નથી. આ અમારો અધિકાર છે. બિહારને ખાસ દરજ્જો આપવા માટે જરૂરી ધારાધોરણમાં સુધારા કરવાની પણ નીતિશે માંગ કરી હતી. તેમણે કહ્યુ હતુકે બિહાર અન્ય રાજયોને ખાસ દરજ્જો આપવામાં આવે તેની વિરુદ્ધમાં નથી. કેન્દ્ર સરકારની નાનકડી મદદથી બિહાર વિકસિત રાજ્ય બની શકે છે. બિહારના મુખ્યમંત્રીએ કહ્યુ હતુ કે બિહારના લોકો અન્ય રાજયમાં જઈ રહ્યા છે તેના માટેનું મુખ્ય કારણ ઉદ્યોગોના અભાવ અને સાનુકૂળ નહીં રહેલી આર્થિક નીતિઓ છે. તેમણે ધ્યાન દોર્યુ હતુ કે બિહાર સાથે યોગ્ય વર્તન કરવામાં આવ્યુ નથી. આજની રેલી બિહારી લોકોની તાકાત દર્શાવે છે. રાષ્ટ્રીય પાટનગરમાં બિહારીઓની સંખ્યા ખૂબ મોટી છે પરંતુ આ લોકો ખરાબ હાલમાં રહે છે. તેમના રાજયના લોકો અગાઉ અપમાનિત સ્થિતિનો સામનો કરતા હતા પરંતુ હવે સ્થિતિ ઝડપથી બદલાઈ છે. બિહાર હવે પ્રગતિના માર્ગ પર છે. ૨૦૧૪ સુધી અથવા પહેલા ખાસ દરજ્જો આપવામાં આવે તે જરૂરી છે. નીતિશે ગુજરાતના મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીના વિકાસ મુદ્દાનો પણ વિરોધ કર્યો હતો અને કહ્યુ હતુ કે અમે દરેક બાબત પાછળ છોડીને વિકાસ માટે આગળ વધી રહ્યા છીએ. અમે વિશ્વ સમક્ષ એક વિકાસ મોડલ રજુ કરવા જઈ રહ્યા છે. દિલ્હીના શક્તિશાળી લોકોએ બિહારી લોકોની તાકાતને ધ્યાનમાં લેવી જોઈએ.

**વર્ષ ૨૦૧૨માં કુલ ૨૧૦ ગુનાઓ નોંધાયા**

## ટ્રેનોમાં મહિલાઓની સામે ગુનાઓમાં થયેલો વધારો

નવી દિલ્હી,તા. ૧૭

રેલવે દ્વારા સુરક્ષા જવાનોની તૈનાતી સહિત સાવચેતીના તમામ પગલા લેવામાં આવ્યા હોવા છતાં ટ્રેનોમાં મહિલાઓ સામે ગુનાઓમાં વધારો થયો છે. આ અંગેના ચોંકાવનારા આંકડા સપાટી પર આવ્યા છે. ગયા વર્ષે ટ્રેનોમાં રેપ, છેડતી અને મહિલાઓ સાથે ખરાબ વર્તનના ૨૦૦થી પણ વધારે બનાવો બન્યા હતા. રેલવે મંત્રાલય દ્વારા આપવામાં આવેલા આંકડામાં જણાવવામાં આવ્યું છે કે વર્ષ ૨૦૧૨માં મહિલાઓ સામે ગુનાના ૨૧૦ કેસો નોંધાયા હતા. જે વર્ષ ૨૦૧૧માં ૧૨૭ હતા. આંકડા મુજબ વર્ષ ૨૦૧૦માં મહિલાઓ સામે ગુનાઓની સંખ્યા ૮૫ હતી. ટુંકમાં દર વર્ષે મહિલાઓ સામે ગુનાઓના પ્રમાણમાં વધારો થયો છે. આંકડા સાબિત કરે છે કે ટ્રેનોમાં સુરક્ષા જવાનો ગોઠવવા સહિતના તમામ પ્રયાસો હજુ બિન અસરકારક દેખાઈ રહ્યા છે.

ટ્રેનોમાં છેડતીના કેસો વર્ષ ૨૦૧૦માં ૫૨ હતા જે વધીને ૨૦૧૧માં ૭૨ થઈ ગયા હતા. જયારે આ સંખ્યા વર્ષ ૨૦૧૨માં વધીને ૧૧૯ ઉપર પહોંચી ગઈ છે. રેપના કેસો ટ્રેનોમાં સતત વધ્યા છે. વર્ષ ૨૦૧૧માં કુલ ત્રણ કેસો હતા જે વધીને હવે સાત થયા છે. ટ્રેનોમાં મહિલાઓ સાથે છેડતીના બનાવો વધ્યા છે. વર્ષ ૨૦૧૦માં આ સંખ્યા ૩૩ હતી જે વધીને વર્ષ ૨૦૧૧માં ૫૨ થઈ ગઈ છે. ટ્રેનોમાં ખરાબ વર્તનના કેસો વર્ષ ૨૦૧૨માં વધીને ૮૪ થઈ ગયા હતા. સાઉથર્ન રેલવેમાં ચેડતીના કેસ ૪૫ અને સેન્ટ્રલ રેલવેમાં કેસ વર્ષ ૨૦૧૨માં ૧૯ નોંધાયા છે. આંકડા દર્શાવે છે કે વર્ષ ૨૦૧૦માં મહિલાઓ સામે ગુના બદલ ૧૨૦ લોકોની ધરપકડ કરવામાં આવી હતી. જે વધીને વર્ષ ૨૦૧૧માં ૧૪૬ અને ૨૦૧૨માં વધીને ૧૭૦ થઈ હતી.

## ઐશ્વર્યા અને અમિતાભ કાન્સ ફિસ્ટીવલમાં જોડાશે

બોલિવૂડની લોકપ્રિય અભિનેત્રી ઐશ્વર્યા રાય બચ્ચન ૬૬માં કાન્સ ઈન્ટરનેશનલ ફેસ્ટિવલમાં ભાગ લેશે. અમિતાભ બચ્ચન પણ આ કાર્યક્રમમાં ભાગ લેનાર છે. વિશ્વસનીય સૂત્રોએ કહ્યું છે કે સતત ૧૨માં વર્ષે ઐશ્વર્યા રાય બચ્ચન આ કાર્યક્રમમાં ઉપસ્થિત રહેશે. કોસમેટીક બ્રાન્ડના વૈશ્વિક ચહેરા તરીકે ઐશ્વર્યા રાય નજરે પડનાર છે. અમિતાભ પણ ઉપસ્થિત રહેનાર છે. અમિતાભની ફિલ્મ પણ આમા રજૂ થનાર છે. જ્વેલરી બ્રાન્ડ ઐશ્વર્યા રાયના પરિવાર દ્વારા લોન્ચ કરવામાં આવી ચૂકી છે. ઐશ્વર્યા રાય મોટાભાગે પરંપરાગત વસ્ત્રો અને જ્વેલરી પહેરીને જ રજૂ થતી રહી છે. ગયા વર્ષે નવેમ્બર મહિનામાં પુત્રીને જન્મ આપ્યા બાદથી ફિલ્મોથી દૂર થયેલી ઐશ્વર્યા હવે કમ બેક કરવા માટે પણ તૈયાર છે. ઐશ્વર્યા રાય નવ મહિનામાં માત્ર પાંચ જ વખત જાહેર કાર્યક્રમમાં દેખાઈ છે. ઐશ્વર્યાની ફરી એન્ટ્રીની ચર્ચા ચાલી રહી છે.

## નવી સિવિલ સર્વિસ મુખ્ય પરીક્ષા ફોર્મેટ ઉપર ચર્ચા

નવી દિલ્હી,તા. ૧૭

સરકાર યુનિયન પબ્લિક સર્વિસ કમિશન (યુપીએસસી) દ્વારા લેવામાં આવતી પ્રતિષ્ઠિત સિવિલ સર્વિસ પરીક્ષાના ફોર્મેટમાં ફેરફાર કરવાની તૈયારી હાથ ધરી છે. યુપીએસસી દ્વારા લેવાતી આ પ્રતિષ્ઠિત સિવિલ સર્વિસ પરીક્ષામાં મુખ્યસ્તરે ફરજિયાત અંગ્રેજી ભાષાની પરીક્ષાથી દૂર થવાની પણ તૈયારી હાથ ધરવામાં આવી છે. પરીક્ષા માટે લાયક થવા અંગ્રેજી ભાષાને ફરજિયાત કરવાની હિલચાલ સામે હાલમાં વાંધો ઉઠાવવામાં આવ્યો હતો. સમાજવાદી પાર્ટી, આરજેડી, ડાબેરી પક્ષો, અગાલીદળ, નેશનલ કોન્ફરન્સ, અન્નાદ્રમુખ, ડીએમકે અને ભાજપ સહિતના વિરોધ પક્ષોએ વાંધો ઉઠાવ્યા બાદ આ સંબંધમાં જાહેરનામાને મોકુફ કરવાનો નિર્ણય લેવાયો હતો. અગાઉ અંગ્રેજી પરીક્ષા પેપર સ્વરૂપમાં ક્વાલીફાઈડ થવા માટે જરૂરી હતા. તેના નંબરો ઉમેદવારની પસંદગી માટે ઉમેરાતા ન હતા. અંગત બાબતો, જાહેર ફરિયાદ નિવારણ અને પેન્શન બાબત મંત્રાલયમાં સૂત્રોનું કહેવું છે કે ફરજિયાત જરૂરિયાતને દૂર કરી મુખ્ય પરીક્ષા માટે નવી ફોર્મેટ રજુ કરવાની હિલચાલ ચાલી રહી છે. આના ભાગરૂપે અંગ્રેજીના માર્ક ઉમેદવારની અંતિમ પસંદગીમાં ઉમેરાશે નહીં. આ સંબંધમાં યુપીએસસીના અધિકારીઓની એક બેઠક બોલાવવામાં આવશે.

જાણકાર લોકોનું કહેવું છે કે ઇન્ડિયન એડમિનિસ્ટેટીવ સર્વિસ (આઈએએસ), ઇન્ડિયન પોલીસ સર્વિસ(આઈપીએસ), ઇન્ડિયન ફોરેસ્ટ સર્વિસ, ઇન્ડિયન ફોરેન સર્વિસ માટે ઉમેદવારોની પસંદગી કરવા યુપીએસસી દ્વારા સિવિલ સર્વિસની પરીક્ષા લેવામાં આવે છે. આ સંબંધમાં અંતિમ નિર્ણય લેવા અને રૂપરેખા તૈયાર કરવામાં આવશે. જાહેરનામુ મોકુફ કરી દેવામાં આવ્યા બાદ પણ ૨૬મી મેના દિવસે યોજાનારી સિવિલ સર્વિસ પરીક્ષાના કાર્યક્રમમાં કોઈ અસર થશે. નહીં. સિવિલ સર્વિસ(મુખ્ય પરીક્ષામાં)માં ૨૫૦ માર્કના ચાર ફરજિયાત જનરલ સર્વિસ પેપરો હશે ઉપરાંત ૨૫૦-૨૫૦ માર્કના બે વૈકલ્પિક પેપરો રહેશે. અગાઉ જનરલ સ્ટડી અંગે બે ફરજિયાત પેપર હતા અને ૩૦૦-૩૦૦ માર્કના બે વૈકલ્પિક પેપરો હતા. મુખ્ય પરીક્ષા માટે કુલ માર્ક ૧૮૦૦ રહેશે.

### શબ્દ સમીપે (પાના નં. ૪ નું ચાલુ)

શબ્દના આલબમમાં સુંદર શબ્દચિત્રો સજાવી આપવા બદલ અને હજુ વધુ સારા શબ્દના આલબમ મળતાં રહે તે માટે લેખકને અભિનંદુ છું.

**શબ્દના આલબમમાં (વ્યક્તિ ચિત્રો)**

**લેખક - પ્રીતમ લખલાણી**

**પ્રકાશક - ડિવાઇન પબ્લિકેશન, અમદાવાદ**

**કિંમત - રૂા. ૭૦/-**

ઉપરોક્ત બંને પુસ્તકોનાં લેખક પ્રીતમ લખવાણીનો જન્મ તા. ૧-૯-૧૯૫૨માં મુંબઈ ખાતે થયો હતો. અર્થશાસ્ત્ર સાથે એમ.એ. સુધીના અભ્યાસની સાથે કોમ્પ્યુટરની પ્રવૃત્તિ સાથે સંકળાયેલ છે. તેમનાં અઢાર જેટલા પુસ્તકો પ્રગટ થયાં છે. હાલમાં અમેરિકા સ્થિત પ્રિતમ લખવાણી આગામી તા. ૩-૪-૨૦૧૩ ના રોજ ગાંધીનગર આવવાનાં છે. તે પોતાને એક ડાયસ્પોરા સર્જક કરતાં કવિ તરીકે ઓળખવાનું વધુ પસંદ કરે છે તેવું તેમની સાથેનાં દૂરવાણી યંત્રનાં સંવાદથી જાણવા મળ્યું છે. તેમનાં કાવ્યસંગ્રહો ગોધૂલિ, દમક, સંકેત, એક્વેરીયમમાં દરિયો, એક મુઠી આકાશ અને ચિત્કાર મહત્ત્વપૂર્ણ છે. તેઓ પોતાની કાવ્યાનુભૂતિ વિશે લખે છે કે 'ઝાકળ ભીની સવારે ઘરની બારી ખોલું છું. ભૂરા આભ તળે ફળિયાનાં કુંડે હિલ્લોળા લેતા છોડની ગોદમાં ખીલેલા ફૂલને ડાળે ઝુલતું ભાળું છું અને મારાથી કવિતા લખાઈ જાય છે. તો કયારેક ઢળતી સાંજે વૃક્ષની ડાળે પાંદડે હિંચકતા કોમળ તડકાને, મારી બારીએ નિરાંતે પાંખ સંકેલીને બેઠેલા પતંગિયા જોડે ગુફતેગુ કરતું જોઈ મારી કલમ કવિતા લખવા થનગની ઉઠે છે.' આવા કવિ તે મળવા અને સાંભળવાનું ચૂકવું ન જોઈએ એવું તમે નથી લાગતું. તે છતાં હમણાં કદાચ તેમની સાથે સંપર્ક કરવાની ઈચ્છા થઈ આવે તો આ રહ્યું સંપર્ક સૂત્ર

ફોન નં : ૫૮૫-૩૩૪-૦૩૧૦ **અથવા**

**e-mail : preetam.lakhlani@gmail.com**

### માનવનિષ્ઠ કેળવણી - કેટલાક આયામો

(પાના નં. ૪ નું ચાલુ)

**(ચ) સંચાલન, વહીવટ, વ્યવસ્થા કક્ષાએ લેવાની કાળજી**

● વિદ્યાલય એટલે સંચાલકો, આચાર્યો, શિક્ષકો અને તમામ કાર્યકરગણ, એ તમામ વચ્ચે કાર્યક્રમોનાં આયોજન, અમલ, મૂલ્યાંકનમાં સંવાદિતા રહે તે જરૂરી છે.

● જે કોઈ શૈક્ષણિક પ્રયોગ અમલમાં મૂકવો હોય તેમાં આ તમામ એકમો ભાગીદાર બને તેવું ગોઠવવું.

● કોઈ શિક્ષક પ્રયોગમાં સીધા ભાગીદાર ન હોય તો પણ તેમને એ પ્રક્રિયાથી સમયાંતરે પરિચિત રાખવા.

● પ્રયોગ સાથે નિષ્ફળતા પણ જાડાયેલી છે. નિષ્ફળતાથી હતાશ ન થવું. એ આપણી સમજ માટે, ગતિ માટે અને વિકાસ માટે ઉપયોગી અવસ્થા છે તેમ ગણી નિષ્ફળતાને સ્વીકારવી - સમજવી.

● પ્રશ્નો કે મૂંઝવણ વખતે સંબંધિતો સાથે સમૂહમાં મળીને વિચારણા થશે તો આત્યંતિક્તાથી મુક્ત રહી શકાશે, ઔચિત્ય જાળવી શકાશે, ભાગીદારોનો ભવ દૃઢ થશે.

● એક વિદ્યાલયના પ્રયોગોમાંથી મળેલા ઉત્તમ પરિણામો બીજા અનેક વિદ્યાલયો માટે પ્રેરક અને માર્ગ-દર્શક બની શકે છે. માટે અનુભવ - નોંધ સતત લખતા રહેવી ખૂબ જરૂરી છે. એવી નોંધ પ્રગટ કરવી, એનું વિતરણ કરવું.

● હાલમાં જેમનો સહકાર મળતો નથી તેવી કોઈ પણ વ્યક્તિ કોઈ પણ સમયે સહકાર આપવા તૈયાર થાય, ભાગીદારી કરવાની તૈયારી બતાવે તો ભૂતકાળ ભૂલીને સહકાર લેવો, તેમને ભાગીદાર બનાવવા.

● શિક્ષણના પ્રયોગો કર્યા હોય તેવાં વિદ્યાલય અંગે વાંચીએ, જાણીએ. તેમનાં શિક્ષકોને બોલાવીને વકતવ્ય અપાવીએ. બંને તો તે વિદ્યાલયમાં જઈને તેનાં પ્રયોગો અને પરિણામોને એવલોકીએ. તો માર્ગદર્શન અને નવું કરવાનું બળ મળે છે.

● કાર્ય ગમે તેટલી ઉત્તમ રીતે કરીએ તો પણ એ સંપૂર્ણ કે અંતિ મનથી હોતું. એટલે સુધારણા કે બદલાવ માટે જાગૃત રહીએ.

● જે કોઈ કાર્ય કરીએ તો બીજા કોઈ આગળ બતાવવા માટે નહીં, પણ આત્મસંતોષ માટે કરીએ. તો આપણાં મન-હૃદય પ્રસન્ન રહેશે.

● દરેક વિદ્યાર્થીની જેમ દરેક શિક્ષક પણ વિશિષ્ટ હોય છે. તેનાં નિજત્વ, પ્રયોગશીલતા, જીવનને જોવાનો દૃષ્ટિકોણ, કાર્યશૈલી આગવાં હોય એ ઈષ્ટ છે.

● ગમે તેટલી સારી વ્યક્તિની ટીકા-ટિપ્પણ થઈ શકે છે. એનાથી અકળાઈએ નહીં. એ માટેનો આંતરિક આધાર ઊભો કરીએ. એ માટે આત્મનિરીક્ષણ તરફ ઊચિત રીતે પ્રેરતી કોઈ પણ ધ્યાન-પધ્ધતિમાં વર્ષે એક વાર જોડાઈએ.

**(છ) એક પ્રજા તરીકે વિકસિત કરવા જેવા સંસ્કારો**

● નાના માણસો, (ડ્રાઈવર, માળી, પટાવાળા વગેરે)નાં વ્યક્તિત્વનું પણ ગૌરવ જળવાય.

● મહિલાઓને સમાનતા અને આદરના ભાવથી જોઈએ.

● ગંદકી, અસ્વચ્છતા, અવસ્વસ્થા આંખ-મનને ન જ ગમે તેવી માનસિકતા પૈદા થાય.

● સામાન્ય કે અગત્યની કોઈ પણ બાબતમાં ચોકસાઈથી વચનપાલન કરવું.

● ગ્લાનિ, જાતિ, ધર્મ, ભણતર કે કોઈ પણ બાબત કરતાં માણસને વધુ મહત્ત્વનો ગણવાનો સંસ્કાર સ્થિર કરીએ.

નોંધ : આ નોંધ શિક્ષણમાં રસ ધરાવતાં, શિક્ષણમાં કાંઈક વધુ સારૂં કરવા ઈચ્છતા સૌ કોઈ માટે છે. સૌ આ નોંધનો ઈચ્છિત ઉપયોગ કરી શકે છે. આ નોંધ મુળે ''ગુજરાત કેળવણી પરિષદ''

### હું રસ્તે રઝળતી વારતા (પાના નં. ૪ નું ચાલુ)

- આ લોકોની સોય - બોયનાં ઠેકાણાં ન હોય, ધંધો લાગી જઈએ કયાંક!

- આવા કેમ્પોમાં તો બધા શિખાઉ જ આવતા હોય છે, એકની જગ્યાએ ચાર-પાંચ કાણા પાડી દે!

● **શૈક્ષણિક કારણો :**

- મારા બદલે રક્તદાન - સહાયક મોકલું તો ચાલશે?

- ટીએ-ડીએ ન મળવાનું હોય, પછી કેવી રીતે ફાવે?

- હું ચોક્કસ આવત, પણ આ વર્ષની બધી સીએલ ખલાસ થઈ ગઈ છે.

- યુજીસીના માર્કિંગમાં ગણાવાનું ન હોય, પછી લોહી આપવાનો શો મતલબ?

- એક અધ્યાપક મિત્ર કહેતા હતા કે ફક્ત પી.એચડી. થયેલાથી જ લોહી અપાય.

- હું તો દર વરસે અમારા વિદ્યાર્થીઓને રક્તદાન વિશે એટલું સરસ સમજાવું છું કે વર્ગ દીઠ ૪૫ જેટલા રક્તદાતાઓ તૈયાર થઈ જાય છે. રક્તદાન કરવાવાળો મહાન છે પરંતુ કરાવવાનો તો એથી પણ મોટો કહેવાય ને? ખરૂં કે નહીં?

● **સાહિત્યિક કારણો :**

- આ લખવામાં જ એટલું તેલ પડી જાય છે કે લોહી આપવા જેવા રહેતા જ નથી.

- બાપુ હાજર હોય તો જ હું લોહી આપું ને બાપુને હમણાં ટાઈમ નથી.

- હું સંપાદનનો માણસ છું. લોહીનું કે લોહીનાં સંબંધોનું સંપાદન કરવાનું હોય તો કહેજો.

- સાહેબની રક્તતુલા કરવાની હોય ત્યારે કહેજો. તો આપણા લોહીનું વજન પડે.

- લોહી તો હમણાં આપી દઉં, પણ મારૂં ગ્રુપ તમને નહીં ચાલે હું અસંતુષ્ટ ગ્રુપનો છું.

- મે તો ભઈ, લોકપાલ ખરડો પસાર ના થાય ત્યાં સુધી રક્તદાન નહીં કરવાની પ્રતિજ્ઞા લીધી છે.

● **રેશનાલીસ્ટ કારણો :**

- લોકો કહે છે કે લોહી આપવાથી પુણ્ય મળે, પણ હું પાપ - પુણ્યમાં માનતો નથી.

- ચમત્કારોમાં મેં પ્રાણીઓનું લોહી વપરાતું જોયું, ત્યારથી મેં નક્કી કર્યું કે લોહી આપવું નહીં. આપણા લોહીનો શો ઉપયોગ થાય કોને ખબર?

- લોહી આપવાથી અંધશ્રધ્ધા વધે છે કારણ કે એ બચી જાય તો આપણામાં પણ તે ઈશ્વરનાં દર્શન કરવા લાગે છે અને આપણે રહ્યા રેશનાલીસ્ટ.

- મારા લોહથી કોઈનું જીવન બચે એવા વહેમમાં હું માનતો નથી.

- મે જોયું છે કે મોટા ભાગે આસ્તિકો જ લોહી આપે છે, પણ હું તો બધાથી જુદો છું.

● **યાંત્રિક કારણો :**

- ગાડીનો સેલ જ ના લાગ્યો એમાં મૂડ ઑફ થઈ ગયો.

- અડધે આયો અને કલચ વાયર તૂટી ગયો.

- ફલૅટની મોટર બગડી છે એટલે ટેન્કર આવે એ પછી ન્હાતા-ન્હાતા જ બપોર થઈ જાય છે.

- એડ્રેસમાં અટવાયો ને તને રસ્તો પૂછવા ફોન કર્યો પણ ટાવર જ ના પકડાયો.

- સવાર સવારમાં લાઈટો ગઈ એમાં બધું અટવાઈ ગયું.

- લિફટમાં ફસાઈ ગયો'તો યાર.

● **બૅંકિંગ-સંબંધિત કારણો :**

- બ્લ્ડ બેન્ક? એટલે શું? મને તો સ્ટેટ બેન્ક વિસે ખબર છે. અમારૂં આખું ફેમિલી સ્ટેટ બેન્કમાં છે.

- અત્યારે તો લોહી આપી દઈએ, પણ પછી બ્લક બેન્ક કાચી પડે તો...? આપણું લોહી તો ડૂબી જ જાય ને?

- બ્લડ બેન્કો લોહીનાં એટીએમ ચાલું કરે તો હું વિચારૂં.

● **૧૪ અન્ય કારણો :**

- આજે મેચ છે.

- એક વાર આપોને યાર પછી આ લોકો વારેઘડીએ ફોન કરે છે.

- બે... તારે મને મહિમા પહેલાં કહેવું જોઈએ, ને હમણાં મહિના પહેલાં જ આપ્યું.

- આ લોકો લે છે, પણ આપણે

- નેકસ્ટ ટાઈમ, ચોક્કસ

- પછી તું ફેસબકુ ઉપર ફોટા મુકે છે ને, પછી લોકો ઉડાવે છે યાર.

- પછી આખા દિવસનું શિડયુલ ખોરવાઈ જાય છે.

### સમાચાર ઝલક

- **પાકિસ્તાનમાં ૬૦ દિવસમાં સામાન્ય ચૂંટણી થશે, પ્રધાનમંડળનું રાજીનામું.**
- **બોર્ડની ૧૦-૧૨ની પરીક્ષા પેપરોની શરૂ થયેલી ચકાસણી ૧૭૦૦ નિરીક્ષકો પેપર તપાસશે.**
- **ભારત અને ઇટાલી વચ્ચેનાં મતભેદનું સમાધાન કરો : યુરોપીયન સંઘ.**
- **આજે પણ દિલ્હીમાં બળાત્કારનો બનાવ બન્યો?**
- **આજથી અમરનાથ યાત્રાની રજીસ્ટ્રેશન નોંધણી શરૂ, આરોગ્ય ફીટનેશ ફરજિયાત.**
- **સ્વાઇન ફલુનો આતંક મચી ગયા બાદ હવે એક્શન પ્લાન બનાવવાની શરૂઆત.**
- **આગામી માસમાં ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસનાં ઉપ-પ્રમુખ રાહુલ ગાંધી ગુજરાતની મુલાકાતે આવશે.**
- **કરકસરના ભાગરૂપે ચીનમાં રેલવે ખાતું સમેટી લેવાશે.**
- **જાટ રિઝર્વેશન કમિટીએ દિલ્હીનો પાણી પુરવઠો ખોરવી નાખવાની ધમકી આપી.**
- **છત્તીસગઢના ખડકોમાં ફસાયેલા યુવાનને બચાવવા અમદાવાદ ફાયર બિગ્રેડની મદદ માંગવામાં આવી, પણ તેમાં સફળતા ન મળી.**
- **મુંબઇમાં બારમાં અશ્લીલતા બદલ ૪૦ મહિલાઓની ધરપકડ કરાઇ.**
- **કઠલાલ નજીક ભાનેર ગામે દિવાલ ધસી પડતાં ૪ વ્યક્તિઓનાં મોત.**
- **ગુજરાતમાં બહારનાં પરપ્રાંતીય લોકો આવતાં ગરીબાઇ વધી છે : નરેન્દ્રભાઇ મોદી.**
- **શાહીભાગમાં મંદબુધ્ધિના વ્યક્તિએ પોલીસ પર જીવલેણ હુમલો કર્યો.**
- **બાંગ્લાદેશીઓની ઘૂસણખોરી દેશ માટે ચિંતાજનક છે : રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ.**
- **જેલ સુરંગ મામલામાં જેલ સુપ્રીન્ટેન્ડેન્ટની બેદરકારી હોવાનો અહેવાલ.**